# દક્ષિણ ગુજરાતની ગાંધીવાદી સંસ્થાઓનો ઉદ્ગમ અને વિકાસ

**ડૉ.કે.જી.પટેલ, પ્રો.રાજેશ જે.પટેલ,**
**ઈતિહાસ વિભાગ,એમ.એન.કોલેજ,વિસનગર**

**પ્રસ્તાવના :–** ગાંધીજીના જીવનના અભ્યાસુ સમક્ષ એક વાત સહેજે તરી આવે છે કે પ્રારંભથી જ તેઓ ગુણગ્રાહી હતા. સત્પ્રવૃત્તિઓ અને સદ્ગુણો તરફ તેઓ આકર્ષાતા અને અમલમાં મૂકવા પ્રયત્નશીલ બનતા.એને લીધ રંભાબાઈએ આપેલો રામનામનો મંત્ર,શ્રવણની માતૃપિતૃભક્તિ, હરિશ્ચદ્રની સત્યનિષ્ઠા,એમની માતાની વ્રતનિષ્ઠા,પિતાની માંદગી સમયે સતત સેવાચાકરી કરતી વખતે પિતા પાસે ધર્મ ચર્ચા કરવા આવનાર જુદા જુદ ધર્મના અનુયાયીઓ પાસેથી અનાયાસે સાંભળવા મળેલી ધર્મની વાતો,ધર્મગ્રંથોનું પારાયણ,શાળાના અભ્યાસ દરમ્યાન વાંચવામાં આવેલો નીતિનો છપ્પો વગેરે પ્રસંગોએ એમના જીવનમાં સત્ય, અહિંસા, પ્રેમ, સેવાવૃત્તિ, દયાભાવના, ઈશ્વરભક્તિ, નૈતિકતા,સર્વધર્મ સમભાવ વગેરે મૂલ્યો રોપ્યાં.સમય જતો એના અનુશિલને એ મૂલ્યો સુદઢ થયાં અને એમના જીવનમાં ચિરંજીવ સ્થાન પામ્યાં.કેટલાક માઠા પ્રસંગો પણ એમના જીવનમાં જરૂર આવ્યા,પણ એ સર્પની કાંચળીની જેમ અસ્થાયી અસર ઉપજાવી નીકળી ગયાં.[૧]

રચનાત્મક પ્રવૃત્તિની શરૂઆત ગાંધીજીના ભારત આગમન સાથે થઈ.એ અગાઉ સ્વદેશીની ચળવળને જન્મ થયો હતો અને એનાથી રાજકીય અને સામાજિક પ્રવૃત્તિ ઉપરાંત ઔદ્યોગિક પ્રવૃત્તિઓને વેગ મળ્યો હતો.ગાંધીજીના આગમન બાદ રેટિયાની અને ગોસેવાની શરૂઆત થઈ હતી.કોચરબ આશ્રમમાંના નિવાસ દરમ્યાન એનો પાયો નંખાયો હતો.અસ્પૃશ્યતા નિવારણની શરૂઆત તરીકે ભંગીની પુત્રી લક્ષ્મીને પોતાની પુત્રી તરીકે અપનાવી હતી.આશ્રમની પ્રવૃત્તિના બીજમાંથી આ વટવૃક્ષનો જન્મ થયો હતો.ગાંધીજી માનતા હતા કે સ્વરાજની ચાવી રચનાત્મક કામ છે.[૨] બોરસદની સત્યાગ્રહ છાવણીને રચનાત્મક પ્રવૃત્તિનું કેન્દ્ર રવિશંકર મહરાજ,બબલભાઈ તથા સુરેંદ્રજીએ બનાવ્યું હતું.સુખદેવભાઈ તથા ઠક્કરબાપાએ ઈ.સ.૧૯૨૩ માં ભીલ સેવામંડળની સ્થાપના ભીષણ દુષ્કાળના પ્રસંગ પછી કરી હતી.દક્ષિણગુજરાતમાં ચુનીભાઈ અને જુગતરામભાઈએ હાળી પ્રથા રદ કરાવવા આદિવસી ઉત્થાન માટે જંગલવાસ કર્યો.છોટુભાઈનાયકે આહવામાં સ્વરાજ આશ્રમ સ્થાપી ડાંગ તથા ધરમપુરના આદિવાસીઓની સેવા શરૂ કરી હતી.ડૉ.સુમંત મહેતા,કમળાશંકર

પંડયા,દિનકરમહેતા,ડી.જી.પાંગારકર વગેરે પંચમહાલ,ખેડા,માંગરોળ,માંડવી અને દેશી રાજયોમાં કિસાન ચળવળ સાથે અદિવસી ખેડૂતો,સીમાંત ખેડૂતાને હાળીઓની સ્થિતિ સુધારવા પ્રયત્નો કર્યા હતા.બોચાસણ,વેડછી અને મઢીના આશ્રમ રચનાત્મક પ્રવૃત્તિના ધામ બન્યા હતા.દીલખુશ દિવાનજીએ દાંડી પાસેના ગાંધોકુટીર કરાડીને સેવાધામ બનવ્યું હતું.[3]

**ગાંધોવાદી સંસ્થાઓની સ્થાપના પૂર્વેની સ્થિતી :–** દક્ષિણ ગુજરાતમાં ગાંધોવાદી પ્રવૃત્તિને સમજવા માટે પ્રથમ આપણે ગાંધોવાદી સંસ્થાઓની સ્થાપના પૂર્વેની સ્થિતી તપાસીએ.જે માળખા પર ગાંધોવાદી સંસ્થાઓ સ્થપાઈ.

દક્ષિણ ગુજરાતના ઊભાપટ્ટે બે વિભાગો પડી જાય છે.પશ્ચિમનો દરિયાકિનારાનો પટ્ટો તથા પૂર્વનો જંગલો અનેપહાડોનો પટ્ટો.જયારે જયારે દક્ષિણ ગુજરાતનો સામાન્ય સંદર્ભ નીકળે છે ત્યારે આ કાંઠા અને મેદાની વિસ્તારનોજ ઉલ્લેખ હોય છે.દરિયાકિનારા અને મેદાનોનો બનેલો આ પટ્ટો પહેલેથીજ વિકાસિત છે.ચોર્યાસી,ગણદેવી અને બારડોલીનો પ્રદેશ ખૂબજ સારા ખેતરોવાળો પ્રદેશ હતો.ગણદેવીની વાડીઓ પણ ખૂબજ સમૃઘ્ધ હતી.આથીજ મોટા ભાગના અનાવિલ અને બીજા ઉજળીયાતો પારસી તથા વહોરા જમીનદારો આ વિભગમાં હતા.સુરત શહેરમાં રેશમવણાટનો ઉદ્યોગ ખીલ્યો હતો.ત્યાં વેપારીઓ વસતા હતા.બંદરેથી દેશી વહાણ દ્વારા વ્યાપાર ચાલતો હતો.દરિયાકિનારાના લોકો વહાણવટાની પ્રવૃત્તિને કારણે અન્ય લોકો સાથે સપર્કમાં રહેતા અને આજે પણ રહે છે.

સ્વાતંત્ર્ય પૂર્વે દક્ષિણ ગુજરાતનો પ્રદેશ જુદા જુદા શાસન તળે હતો.જેને બે વિભાગમાં વહેંચાયઃ (૧)બ્રિટિશ હકૂમત(૨)દેશી રાજયો.બારડોલી પ્રદેશ,સુરત,ભરૂચ,અંકલેશ્વર,વલસાડ,ડાંગ વગેરે પદેશો બ્રિટિશ હકૂમત નીચે હતા.જયારે નવસારી, ગણદેવી, પલસાણા, કામરેજ, મહુવા, વેળાછા, સોનગઢ,વ્યારા એ નવસારી પ્રાંતના મહાલ હતા.જે ગાયકવાડી રાજયનો પ્રાંત હતો.રાજપીપળા,વાસદા,સચિન,ધરમપુર દેશી રાજયો તળે.

મુંબઈ–અમદાવાદ બ્રોડગેજ લાઈન અને હાઈવે આ પટ્ટીમાંથી પસાર થાય છે.આથી આ પટ્ટો વાહન–વ્યવહારથી બહારના વિસ્તારો સાથે સારી રીતે સંકળાયેલો છે.

આ પશ્ચિમ વિભાગમાંથી જેમ પૂર્વ તરફ જતા જઈએ તેમ મેદાનો ફળદ્રુપ પ્રદેશ ૫૦–૬૦ માઈલ પછી પૂરો થતો જાય છે અને જંગલો તથા પહાડોનો પ્રદેશ આવતો જાય છે.અહીં ફળદ્રુપ મેદાનો નથી.તેથી મેદાની પ્રદેશમાં જેટલી ખેતપેદાશો ઉપજે છે તેટલા પ્રમાણમાં ખેતપેદાશો ઉપજતી નથી.પૂર્વની આ પટ્ટીમાં આ સમયે ઉદ્યોગોએ કયાંય પ્રવેશ કર્યો ન હતો.આ વિસ્તાર ઘાઢ જંગલો

અને પર્વતો વાળો હોવાથી અહીં મોટા ખેતરો પણ ન હતા.અહીંના જંગલોમાં હિંસકપ્રાણીઓ પણ વસતા હતા.

જંગલો અને પર્વતોનો આ પટ્ટો સુરત ભુસાવલ બ્રોડગેજ રેલ્વે લાઈન(તાપ્તીવેલી રેલ્વે)થી પશ્ચિમના મેદાની વિસ્તાર સાથે સંકળાયેલો છે.આ રેલ્વેલાઈન પર આવેલા બારડોલી,મઢી,વ્યારા તથા સોનગઢ ગામો આ પટ્ટાનાં અન્ય ગામો કરતાં મોટા અને પ્રમાણમાં વિકસેલા હતાં.આ ગામો આદિવાસી વિસ્તારને બિનઆદિવસી વિસ્તાર સાથે સાંકળતી કડી સમાન–વ્યાપાર કેન્દ્રો બની ગયાં હતાં. દક્ષિણ ગુજરાતના અન્ય આદિવાસી વિસ્તારોમાંથી બીજી ત્રણ નેરોગેજ રેલ્વેલાઈનો નીચે મુજબ પસાર થાય છે.ભરૂચ જિલ્લામા અંકલેશ્વર–રાજપીપળાલાઈન,કોસંબા–ઉમરપાડા લાઈન અને બિલીમોરા–વઘઈ લાઈન,આ ત્રણેય લાઈનો જંગલ અને પર્વતોવાળા અદિવાસી પટ્ટાને પશ્ચિમના મેદાની પટ્ટા સાથે જોડે છે.

**પ્રજા** :–પૂર્વનો જંગલો અને પર્વતોનો પ્રદેશ જેમ પશ્ચિમના મેદાની દરિયા કિનારાના પટ્ટાથી ભૌગોલિક રીતે અલગ પડી જાય છે;તેમ બંને પટ્ટાઓમાં વસતી પ્રજા પણ અલગ પડી જાય છે. પશ્ચિમના પટ્ટામાં વલસડ,નવસારી,બિલીમોરા,સુરત,રાંદેર,ભરૂચ વગેરે મોટા શહેરો વસેલા છે.આ ઉપરાંત અહીં વિવિધ જ્ઞાતિઓની વસતિવાળાં ગામડાઓ છે.પરંતુ જેમ આપણે પૂર્વ તરફ આગળ વધતા જઈએ તેમ વ્યવસ્થિત વસેલા જ્ઞાતિવાળા ગામડાનું પ્રમાણ ઘટતું જાય છે.મેદાનનાં ગામોમાં વસતિ પ્રજા ‘ઉજળિયાત’તરીકે ઓળખાતી હતી.જયારે જંગલો અને પર્વતોમાં,ફળિયાઓમાં વસતિ પ્રજા તે સમયે કાળી પરજ તરીકે ઓળખાતી હતી. રચનાત્મક પ્રવૃત્તિનુ કામ આ કાળીપરજ આદિવાસીના વિકાસ માટે વધ પ્રભાવક રહયું.આથી આપણે આ કાળીપરજ વિશેની જાણકારી યોગ્ય ગણાશે.એ આદિવાસીઓમાં અહીં મુખ્યત્વે દુબળા(હળપતિ) ,ચૌધરી, ઘોડિયા, ગામીત, કોળઘા, કોલચા,કોટવાળિયા વસે છે.તેઓ પ્રાકૃતિક અવસ્થામાં જીવતા હતા.

વેડછી પ્રદેશ તરીકે ઓળખાતો સૂરત જીલ્લાનો આદિવાસી વિસ્તાર ...ભરૂચ જિલ્લાનો આદિવાસી વિસ્તાર...વલસાડ જિલ્લાનો ધરમપુર વિસ્તાર અને ડાંગ જિલ્લાનો આદિવાસી પ્રદેશ.વેડછીપ્રદેશમાં આદિવાસીઓ લંગોટીયા,અભણ,પછાત,દારૂ–તાડીના વ્યસનમાં પૂરા ગ્રસ્ત, અતિ અંધશ્રદ્ધાળુ,પોલીસની હાજરી માત્રથી ડરનારા પોલિસને જોઈ ધગડો આવો(સિપાઈ આવ્યો) કરીને સંતાઈ જતા.[૫]

દારૂ–તાડીને સરકારી કરવેરા,અંકુશવાળી ચીજ બનવી દેવામાં આવી.ત્યારે આ વિશાળ બજારથી લોભાઈને વાણીઆ,બ્રાહ્મણ,મારવાડી,પારસી,જંગલ કોન્ટ્રાક્ટર આદિવાસી પ્રજાનું શોષણ કરતા.આ ઉપરાંત,કલાલ,જમીનદાર,પોલીસ દ્વારા પજવણી થતી.

**ઘરના સભ્યોને કપડા લેવા પણ દેવું :–** ઘરના તમામ સભ્યોને પૂરતા કપડા પહેરવાના નાણા નહોતા.કપડાં ખરીદવા શાહુકાર પાસે નાણાં માગતા દેવું કરવું પડતુ.ને તે દેવામાં જમીન,ગાલ્લી,ગાય,બળદ,ભેંસ વેચાઈ ગયાના પણ દાખલા બનતા.

**દુબળો હાળી...ગુલામ :–** માણસ જેવો માણસ...માનવી તરીકે નહીં પણ ગુલામીમય જિંદગી વિતાવતો હતો.તે એટલો ગરીબ–નિરાધાર હતો કે તેની પાસે મડીમાં માત્ર કામ–મહેનત મજૂરી જ હતાં.ઉપર આભ અને નીચે રરતી વચ્ચે અસહાય,લાચાર,નિઃસહાય જીવન જીવતો હતો.

તેવા હાળી ગુલામોની મુક્તિ કરાવી તેને સ્વમાનભેર જીવતો કરવા પોતાનુ સ્વતંત્ર ઘર તથા ખેતી સિવાયના અન્ય પૂરક રંરાઓ ,વાજબી ખેતમજૂરી અને જાગૃતિ આણવાની મહામોટી સમસ્યાઓ પણ ઊભી હતી.

આદિવાસી પ્રજા જંગલી કહી શકાય તેવી પરિસ્થિતિમાં જીવતા.તેઓ દારૂ પીતા.માત્ર લંગોટીપહેરતા અને માંસ–મચ્છી આરોગતા.

તે દિવસોમાં અંધશ્રદ્ધા અને વહેમો ઘણા પ્રચલિત હતા.દેવ–દેવીઓને બકરાં–મરઘાના બલિદાનો ચઢાવાતાં.દરેક ઘરના વાડામાં કોઈને કોઈ સ્થાનક રહેતું.કોઈ માણસ માંદુ પડતું તો ભગત–ભૂવાને બોલાવી લાવતા.દરેક બલી વખતે દારૂ–તાડીનો ઉપયોગ ફરજીયાત ગણાતો.[૬]

ઉજળિયાતો ઈ.સ.૧૯૧૪ ના વિશ્વયુદ્ધમાં કમાયા.તેમણ સારા સારા ઘરો બાંધ્યા ને જમીન પણ ખરીદી.તેવામાં રૂ ના ભાવ ગગડયા.જીવન ધોરણ ઊંચુ ગયું.ખર્ચા વધ્યા હતા.આદિવાસીઓ પાસે જે જમીનો હતી તે દારૂ–તાડી ઉધાર લાવતા.તે કારણે પારસી અને વણીયાઓના કબજામાં ગઈ.અભણ આદિવાસીઓ હિસાબ સમજતા નહોતા.

ગાયકવાડે તેમના પ્રદેશ માટે સારા કાયદા ઘડયા.તેમનો આશય શુભ પણ તેના અધિકારીઓએ કાયદાનો અમલ કર્યો નહિ.વાણિયા અને પારસીના રાજ ચાલતા હતા.

વલવાડાના એક દેસાઈના રસોયા તરીકે આવેલા પારસીએ એક આદિવાસી સાથે ભાગીદારીમાં જમીન ખરીદી અને એક પીઠું પણ ખરીદ્યું.પછી પેલા ભાગીદાર આદિવાસીને હાંકી કાઢયો.ઈ.સ.૧૯૨૧ સુધીમાં તેની પાસે ૨૦૦૦ એકર જેટલી જમીન થઈ ગઈ હતી.આદિવાસી સમાજ

આર્થિક,સામાજિક અને નૈતિક રીતે પછાત હતો.આદિવાસીને માણસ જ માનવામાં નહોતો આવતો. આ સમાજના માણસને ઊંચે લાવવાનો હતો.બહારના બાકીના સમાજ સાથે ભેળવવાનો હતો.

જમીનદારો ગણોતની જમીનનું ભાડું...(ગણોત)એટલું બધ લેતા કે ખરી મહેનત કરનાર ગણોતિયા પાસે બહું ઓછું રહેતું.ને તેના પકવેલા અનાજમાંથી(ઉછીનું)ખાવટી(દોઢી–બમણી)પર અનાજ(દોઢું–બમણું આપવાની શરતે)લેવુ પડતુ.એવી કરૂણપરિસ્થિતિ જોઈ–સમજીને વ્યારા તાલુકાના 'કોટલા મહેતા'નામના શિક્ષક વડોદરા સુધો'સયાજીરાવ ગાયકવાડ'સમક્ષ આદિવાસી ખેડૂતોની કૂચ લઈ ગયા હતા.એવી દર્દનાક પરિસ્થિતિને કારણે ગાયકવાડ સરકારે હૂકમ કરવો પડેલો કે :' વડોદરા રાજયના માંગરોળ,મહુવા,વ્યારા અને સોનગઢ તાલુકામાં ગણોતિયા દ્વારા ખેડાતી જમીનનું ભાડું જમીન મહેસૂલથી ચાર ગણા કરતાં વધારે નહોવું જોઈએ...'પરંતુ આ કાયદાનો અમલ નથયો...કારણકે તે વખતના લોકોમાં ગરીબ,અભણ,અણસમજુ આદિવાસીઓની મદદ કરવા માટે લોકોમાં કશી હિલચાલ ન હોતી.

**અગાઉના વખતમાં આદિવાસી વિસ્તાર મધ્યે કોઈ રચનાત્મક સેવાભાવી કાર્યકરોની ઉદાત્ત વિચારવાળી સંસ્થાજ નહોતી.**તેથી ઊલટુ શોષક વર્ગ કાયદાનો લાભ પામી શકતા હતા.તો આદિવાસીઓ તેમને લાભના કાયદાનો ફાયદો પામી શકતા નહોતા.

આવી પરિસ્થિતિમાં આદિવાસી વિસ્તારમાં કયાંક–કયાંક શાળાઓ શરૂ થઈ.થોડાક આદિવાસીઆ ૪–૬ ધોરણ સુધો ભણ્યા.તેમને લાગ્યુ કે અમારી પાયમાલી માટે દારૂ–તાડી–માંસ પણ જવાબદાર છે.આથી કેટલાક યુવાન,જાગૃતિવાળા આદિવાસીઓએ પોતાના સમાજમાં સુધારા લાવવાના પ્રયાસો શરૂ કર્યા.આ સુધારા પ્રવૃત્તિઓએ અને સ્વાતંત્ર્ય આંદોલન સાથેના સંકલને વેડછી પ્રદેશના રચનાત્મક કાર્યક્રમો શરૂ કરવા માટેના સંજોગો ઘડી આપ્યા.[૭]

**આદિવાસીઓ દ્વારા સમાજ સુધારણાની પ્રવૃત્તિ :**–વ્યારા તાલુકાના ઘાટા ગામના ગામીત જાતિના ઘુરિયા ભગત અને તેમના વંશજોનો આ પ્રવૃત્તિમાં નોંધપાત્ર ફાળો છે.ઘુરિયાભાઈએ પારસીની ગુલામી છોડી પોતાની ખેતી જાતે કરી,કમાણી કરી.મંદિરની સ્થાપના કરીને આદિવાસીઓમાં ધાર્મિક સુધારણાની પ્રવૃત્તિ શરૂ કરી.ઘુરિયા ભગતના પુત્ર દેવજી ભગતે–માસ્તર ફત્તેહખાં અને પોતાના પુત્ર અમરસિંહ દ્વારા આદિવાસીઓમાં સમાજ સુધારાનું કાર્ય પણ શરૂ કર્યુ.તેમણે ધાર્મિક વારસો સ્વીકારી,સભાઓ ભરીને,ઘર સ્વચ્છ...પ્રભુ ભકિત...દારૂબંધો...સંસ્કારી થવુ...વગેરે અંગે નોંધપાત્ર કાર્ય કયુ. અમરસિંહના પુત્ર કિસનસિહે સમાજ સુધારાનું કાર્ય ચાલુ રાખ્યું.શ્રીમંત

સયાજીરાવે તેમની હોશિયરી જોઈ તેમને 'રાનીપરજ તપાસનીશ'તરીકે નીમ્યા હતા.આમ આદિવાસીઓમાં સમાજ સુધારાની પ્રવૃત્તિઓ કરવામાં ઘાટાનું ભગત કુટુબ અગ્રેસર હતું.

ખાનદેશ તરફથી આવેલા 'દેવીના પવને'૧૯૨૧–૨૨ જેમાં એક સ્ત્રી 'કોરલી'અને એક પુરુષ'ગાવલી'આવીને દારૂ–તાડી–માંસ છોડવા ધણતા ધણતા આદેશ આપતા કે 'બધાએ વર્જી જવું જોઈએ,નાહવુ–ધોવું,શૌચ જાય ત્યારે હાથ–પાણીનો ઉપયોગ કરવો.'દેવીની આ ચળવળથી કેટલોક સુધારો થયો.

આદિવાસી છોકરાઓ એક જગ્યાએ રહી ભણી શકે તે માટે ગાયકવાડે સર્વપ્રથમ ઈ.સ.૧૮૮૫ માં 'ધાણકા વસ્તીગૃહ'નામે નિવાસી શાળાઓ શરૂ કરી.[૮]તેને પગલે વ્યારા,મહુવા,અનાવલ વગેરે સ્થળોએ પણ આવી શાળાઓ શરૂ થઈ.ઈ.સ.૧૮૯૪ માં સોનગઢમાં છોકરીઓ માટે નિવાસી શાળા શરૂ થઈ.ઈ.સ.૧૯૦૪ માં બ્રિટિશ હકૂમત હેઠળ માંડવી અને ગોડસંબા ગામે અનુક્રમે કુમાર અને કન્યા છાત્રાલયો થયા.તે પછી ખેરગામ મુકામે પણ એક છાત્રાલય શરૂ થયેલું.વાસદાના મહારાજશ્રીએ વાસદામાં અને વાલોડમાં શાળાઓ શરૂ થઈ.બ્રિટિશ સરકારે અને ગાયકવાડે જંગલ પ્રદેશમાં દિન શાળાઓ શરૂ કરી.ખરાબ હવા–પાણી ગણીને ઉજળિયાત શિક્ષકો ત્યાં ન ગયા.પરિણામે કેટલીક શાળા બંધ રહેતી.[૯]

**શિક્ષિત રાનીપરજોએ સુધારા પ્રવૃત્તિ શરૂ કરી :–** ઉપરોક્ત શાળાઓમાં ભણી ગણીને જે રાનીપરજો શિક્ષકો થયા.તેમનામાં સુધારાનો વિચાર ઘર કરી ગયો હોવાથી તે લોકોએ તેમની રીતે 'સ્વયંભૂ સમાજ સુધારા પ્રવૃત્તિ'કરવા માંડી.શિક્ષકોએ મંડળી રચી.દર શનિવારે કોઈ એક ગામે એકત્રિત થતા.ત્યાં ભજન–કીર્તન કરતા.તેમાં ગ્રામ કાવ્યો લખાયાં.દારૂ–તાડીનો ત્યાગ કરવા ગીતો લખાયાં.'પડેલી'આદીવાસી કોમને ઊંચે લાવવાની વાતો આવતી.એમાં મોટે ભાગે રાનીપરજ શિક્ષકો જ હતા.તેઓ સાપ્તાહિક સભાઓમાં સમાજ સુધારા વિશે પ્રવચનો આપતા.આવી સભાઓ પછી પરિષદ રૂપે પણ ઈ.સ.૧૯૦૫ માં વ્યારામાં મળી હતી.તેમાં સામેલ રહી સુધારાઓને ટેકો આપ્યો હતો.

**સુધારા પ્રવૃત્તિમાં ઓટ** :–દારૂબંધાની સમાજસુધારાની પ્રવૃત્તિ લાંબી ન ચાલી.દારૂબંધોથી પીઠાવાળાઓની આવક બંધ થઈ. દારૂબંધો કરી એટલે સુધર્યા.તે સમજણ સાથે આદિવાસીઓ હવે ઉજળિયાતોનું ઘર કામ કરવા ન જતા.સરકારની આબકારી આવકમાં ઘટાડો થયો.આ બધાને કારણે પીઠાવાળાઓએ વડોદરા રાજયની મદદથી ધણીયામાઓ અને પીઠાવાળાઓએ દરૂ ન પીનાર ઉપર

દબાણ લાવતા.દારૂ ન પીનારાઓને ઢોરોને નળીથી દવા પીવડાવે તેમ બળ જબરીથી દરૂ પીવડાવતા.[૧૦]

દારૂબંધોનો પ્રચાર કરનાર સુધારક આદિવાસીઓને મહુવા,વ્યારા,સોનગઢના ગાયકવાડી વિસ્તારમાં દાખલ થવાની બંધી ફરમાવવામાં આવેલી.બધા આદિવાસીઓને તેમની સભાઓમાં હાજર રહેવાની મનાઈ બંધી ફરમાવવામાં આવી.બધા આદિવાસીઓને આવા સુધારક આદિવાસીઓ સાથેનો સંબધ છોડી દેવાના હુકમ અપાયા.તારીખ ૧૫/૧૧/૧૯૨૩ ના રોજ ગુજરાતમિત્રમાં પ્રગટ થયેલા આ હુકમને અંતે નીચે મુજબ જણાવાયું હતું.

'સંબધ ધરાવતા ઈસમોને આ હુકમ અપાયા છે કારણ કે એમ મનાય છે કે આ ઈસમો કાળી પરજમાં દારૂ તાડી બંધ કરાવી કોમો વચ્ચે સંઘર્ષ ઊભો કરવા તેમજ પારસીઓને પાયમાલ કરવા આ ચળવળ ફેલાવવાનો ઈરાદો ધરાવે છે.'

આમ ઉજળિયાતો અને ગાયકવાડી સરકારના દબાણ અને વિરોધ પછી આ પ્રવૃત્તિ મંદ પડવા લાગી.દેવીનો પવન પણ લગભગ બંધ પડી ગયો.સુધરેલા એવા વર્જેલાઓને કોમ બહાર મૂકવામાં આવ્યા તથા તેમને વિવિધ રીતે હેરાન કરવામાં આવ્યા.

પીઠાવાળાઓની પ્રપંચજાળ એટલે હદ સુધી ફેલાઈ કે નજીવી લઘુમતી ધરાવનારા આ વર્જેલા લોકોનો–દારૂ પીનારાઓની બહુમતીએ સામો બહિષ્કાર પોકાર્યો અને મરણ પ્રસંગે પણ એમને ત્યાં જઈને એમને સામાજીક સકંજામાં ભીડવામાં આવ્યા.

**ગાંધોજીથી આખરે ન રહેવાયું...રાનીપરજ પરીષદ સ્થાપી :–** કાળીપરજ તરીકે ઓળખાતી આ કચડાયેલી અને બધો રીતે શોષણનો ભોગ બનેલી પ્રજા વચ્ચે કામ કરવા ગાંધોજી કટિબદ્ધ થયા.આદિવાસીઓને સંગઠીત કરવા રાનીપરજ પરીષદની રચના કરી.ટૂંક બંધારણ ઘડી બારડોલી તાલુકો,વાલોડ મહાલ,વ્યારા,સોનગઢ,મહુવા,માંગરોળ,માંડવી તાલુકા ઉપરાંત વાંસદા રાજયનો પ્રદેશ એના કાર્યક્ષેત્રો બન્યાં.

ઉપરોક્ત પ્રદેશોમાં રહેતા ચૌધરી,ધોડિયા,ગામીત,કુકણા વગેરેની સામાજીક અને નૈતિક ઉન્નતિ કરવી એવું એનું ધ્યેય રાખ્યું.રાનીપરજ સ્ત્રી–પુરૂષોએ પરિષદના ધ્યેય અંગે લેખિત કબૂલાત આપે અને વાર્ષિક લવાજમ ભરે તો એના સભ્ય થઈ શકતા.

**ગાંધોવાદી સંસ્થાઓનો ઉદ્ગમ અને વિકાસ :–** ગાંધોજીએ લોકો સમક્ષ અસહકારનો વિચાર ઈ.સ.૧૯૨૦ માં રજૂકર્યો હતો.તે વર્ષમાં સપ્ટેમ્બર માસમાં કલકત્તા ખાતે લાલા લજપતરાયના અધ્યક્ષપદ હેઠળ મળેલી ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની પરિષદે અસહકારની લડત ચલાવવા અંગે ઠરાવ

પણ પસાર કર્યો હતો.આ અસહકારના કાર્યક્રમમાં પરદેશી માલના બહિષ્કારનો અને ખાદીના પ્રચારનો સમાવેશ થતો હતો.જો પોતાના આ કાર્યક્રમને લોકો દ્વારા સ્વીકારવામાં આવે તો એક વર્ષમાં સ્વરાજ લાવવાની વાત ગાંધીજીએ ઈ.સ.૧૯૨૧ ની નાગપુર ખાતે મળેલી અખિલ ભારતીય કૉંગ્રસ સમિતિની (એ.આઈ.સી.સી.)પરિષદમાં કરી.આ પરિષદમાં તિલક સ્વરાજ ફંડ એકત્રિત કરવાનું નકકી થયું.વળી ચાર આના વાળા એક કરોડ કૉંગ્રેસ સભ્યો નોંધવા અને દેશભરમાં વીસ લાખ રેંટીયાઓ ગુંજતા કરવા તેમ પણ નકકી થયું.ગાંધાવાદી સંસ્થાઓની શરૂઆત પણ આ‘સ્વદેશી’અથવા તો ‘ખાદી’કામના એક ભાગ રૂપે થઈ હતી.

સ્વરાજ માટેનું આદોલન શરૂ કરવાનું દબાણ ગાંધીજી પર વધતું ગયું.નવેમ્બરની ત્રીજી અને ચોથી તારીખે મળેલી.એ.આઈ.સી.સી.ની મીટીંગમાં પ્રાતિક કૉંગ્રેસ સમિતિને પણ જો અમુક શરતો પૂરી થાય તો સત્યાગ્રહ કરવાની પરવાનગી આપવામાં આવી. ઠરાવ પસાર કરતી વખતે ગાંધીજીએ એ.આઈ.સી.સી.ના સભ્યોને જણાવ્યું કે પોતે પસંદ કરેલા ગુજરાતના એક તાલુકામાં સત્યાગ્રહનો આરંભ થશે અને બીજા નેતાઓએ પોતાના પ્રાંતમાં એ પ્રમાણે કરવાનું રહેશે.ગુજરાતમાં બારડોલી અને આણંદ તાલુકાની વચ્ચે હરિફાઈ હતી પણ છેવટે બારડોલીની પસંદગી થઈ.

બારડોલીના લોકોએ સરકારી શાળાઓનો બહિષ્કાર કર્યો હતો.તાલુકાના ૮૦ ગામડાઓમાંથી ૫૧ ગામડાઓમાં રાષ્ટ્રીય શાળાઓ શરૂ થઈ.એ ગામડાઓમાં દરેકના ઘરમાં રેંટીયો હતો.અને બધા કાંતતા પણ ખરા.આ પ્રવૃત્તિને વધ વેગવાન અને સંગઠીત બનાવવા માટે ૩૦ મી જાન્યુઆરી,૧૯૨૨ ના રોજ બારડોલી તાલુકા પરિષદ બોલાવવામાં આવી.પરિષદે તાલુકામાં સત્યાગ્રહ કરવા માટેનો ઠરાવ કર્યો.આ સાથે હિંદુ–મુસ્લીમ વચ્ચે મૈત્રી,સહિષ્ણુતા અને સ્વાવલંબન પર ભાર મૂકવામાં આવ્યો.આ ઠરાવમાં એમ પણ કહેવામાં આવ્યું કે‘હિંદુઓ જયાં સુધી અસ્પૃશ્યતા છોડે નહી ત્યાં સુધી સ્વરાજ અશકય છે.’

ગાંધીજીએ તા.૧/૬/૧૯૨૨ ને દિને સવિનય કાનૂન ભંગની લડત માટે બારડોલી તાલુકો પસંદ કર્યો.આ ઠરાવ પસાર કર્યાના થોડા દિવસમાં સત્યાગ્રહ મુલતવી રાખવામાં આવ્યો.ગોરખપુર જિલ્લાના ચૌરીચૌરા ગામે લોકોએ પોલિસ ચોકી બાળી હતી અને પોલીસોના માણસો સાથે હિંસા આચરી હતી.એટલે ગાંધીજીએ ‘મારી હિમાલય જેવડી ભૂલ’કહી બારડોલીની ‘ના કર’લડત પાછી ખેંચી લીધા.ને વળી બીજી બાજુ બારડોલી તાલુકાની ૮૮૦૦૦ ની વસતિ માંથી માત્ર ૨૦૦૦૦ માણસોજ ભાગ લેનાર હોવાથી ગાંધીજીને તે વાત ન ગમતા તેમણે કાર્યકરોને ગામડે જઈ આવા પછાત લોકોમાં આત્મભાન જાગ્રત કરવાની હાકલ કરી. આખા દેશમાં પ્રસિદ્ધ થઈ ગયેલો બારડોલી

સત્યાગ્રહ આમ એકાએક સત્યાગ્રહ સ્થગીત કરી દેતા એ અંગે અનેક ટીકાઓની ઝડી વરસી.પણ ગાંધીજીએ જણાવ્યું,'તીવ્રભંગના આખા કાર્યક્રમને આમ સદંતર ઉંધો વાળી દેવો એ રાજદ્વારી દ્રષ્ટિએ ભલે અનુચિત હોય,ભલે અવ્યવહારુ હોય,પણ ધાર્મિક દ્રષ્ટિએતો તે સંઘીન છે તેમો તો શક નથી. ચૌરીચૌરાના ઝેરથી બારડોલીનો વિનય પણ બેકાર બની જાય છે.કારણ જેટલે દરજ્જે બારડોલી હિંદુસ્તાનનું પ્રતિનિધિ છે તેટલે જ દરજ્જે ચૌરીચૌરા પણ છે.'[૧૧]

દેશના વાતાવરણમાં હિંસાની ગંધ પામી ગયેલા ગાંધીજીને હવે અસહકાર ચાલુ રાખવામાં ગુનો કરવા બરાબર લાગ્યું.એટલે ખાદી,હિંદુ–મુસ્લિમ એકતા,અસ્પૃશ્યતા નિવારણ એ ત્રિવિધ કાર્યક્રમ ઉપાડી લેવાની એમણે લોકોને હાકલ કરી.રચનાત્મક કાર્યકરોને પણ એમણે સમજાવ્યું'શહેરો છોડી ગામડે જાઓ,ત્યાં ગામ લોકોની સાથે તેમના જેવા થઈને વસો,અને રચનાત્મક કામો દ્વારા તેમનામાં સત્ય–અહિંસાના પૂર રેલાવો.'હિંસામાટે ગાંધીજીને જવાબદાર ઠેરવી રાજદ્રોહની કલમ મૂકી છ વર્ષ કેદની સજા ફરમાવી. એટલે સાબરમતી આશ્રમમાંથી ગાંધીજીના આદેશને માથે ચડાવી બારડોલી,સરભોણ,વેડછી,મઢીમાં સ્વરાજ માટેની તાકાતને વધારવા 'સ્વરાજ આશ્રમો'ની સ્થાપના થઈ.[૧૨] ઈ.સ.૧૯૨૨ માં મગનલાલ ગાંધીએ બારડોલીમાં સ્વરાજ આશ્રમની સ્થાપના કરી. ગાંધીજીની નાદુરસ્ત તબિયતને લીધ તેમને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા.જેલમાંથી બહાર આવ્યા ત્યારે સ્વરાજ પાર્ટીના નેતાઓને રચનાત્મક પ્રવૃત્તિમાં મંડયા રહેવાની સલાહ આપી.પાંચ લાખ ગામડાને સેવા આપી શકે એવા એક લાખ ગ્રામસેવક તૈયાર કરવાની પણ સૂચના કરી અને તત્કાલ પૂરતુ દરેક તાલુકા પૂરતું દરેક તાલુકા દીઠ ઓછા માં ઓછા એક કાર્યકર્તાની વ્યવસ્થા કરવા પ્રયત્નશીલ રહેવા જણાવ્યું.કોગ્રેસના સભ્યપદ માટે પણ સૂતરની આટીનું લવાજમ લેવાનું વિચાર્યુ.

આના પરિપાક રુપે ગુજરાતભરમાં ઘણા ગામડાઓમાં ગાંધીવાદી સંસ્થાઓ સ્થપાવાની શરૂઆત થઈ.બાપુને તા.૧૮/૩/૧૯૨૨ને દિવસે છ વર્ષની સજા થઈ.ત્યાર પછી સૌ આશ્રમવાસીઓએ મનથી ઠરાવ્યું કે તેઓ આશ્રમની સુખ સગવડો છોડી ગામડે વસવા ઊપડી જવું.આવો વિચાર કરનારાઓમાં નરહરીભાઈ અગ્રેસર હતા.ગ્રામવાસ માટે બારડોલી તાલુકો પસંદ કર્યો.આ તાલુકો પસંદ કરવાનું બીજુ કારણ એ હતું કે જો બાપુના જેલ જવાથી ગાપડે જવાનું સુઝ્યું હતું તો જે તાલુકાને તેમણે અસહકારની લડત માટે પસંદ કર્યો હતો તેજ તાલુકો પસંદ કર્યો.બીજી બાપુંની એક જગ જાહેર દલીલ હતી કે જો રચનાત્મકકામ પુરા દિલથી કરવામાં આવેતો સ્વરાજય તેનાથીજ હાથમાં આવી પડે,તેને માટે લડત કરવાની જરૂરજ ન પડે.આશ્રમવાસીઓએ મનને સમજાવી દિધ કે આપણે બાપુની અધરી મુકેલી લડતતો આજે ઉપાડી ન શકીએ,પણ તે લડત માટે બારડોલીની પ્રજાને

રચનાત્મક કામો મારફત સુસજ્જ કરી શકીએ,જેથી બાપુ જેલમાંથી છૂટી આવાતા તરત તેઓ આ તાલીમબદ્ધ લોકો મારફત પોતાની અધરી લડત પૂર્ણ કરી શકે.[૧૩]

નરહરીભાઈનો તો સ્વભાવ જ હતો કે જે સાચું લાગ્યું તે તરત જ અમલમાં મૂકવ.તેઓ તરત જ બારડોલી જવા નીકળ્યા.થોડો વખત વરાડનું કેન્દ્ર અજમાવી જોયું.પણ છેવટે બારડોલી પાસે સરભોણ આશ્રમમાં જઈને સ્થિર થયા.તેમની સાથે શંકરલાલ બેંકર તથા અનસૂયા બહેન પણ ગ્રામવાસનો લહાવો લેવા પહોચીગયાં. સાબરમતી આશ્રમમાંથી છગનલાલ જોષી પણ ગયા. મિયાગામના એક ઊગતા દાક્તર ત્રિભુવનદાસ ધર્મચંદ શાહ પણ સરભોણ આશ્રમમાં પહોંચી ગયા . શરુઆતના જ વખતમાં ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક ઉત્તમચંદશાહ અને ઈશ્વરભાઈ અમીન જેઓ આશ્રમમાંથી જ નરહરિભાઈ પર ભાવ રાખતા હતા.તેઓ પણ પહોંચી ગયા.આમ સરભોણ આશ્રમની મંડળી એક પછી એક કરીને જામતી ગઈ.આમ સરભોણમાં દક્ષિણ ગુજરાતની પ્રથમ ગાંધોવાદી સંસ્થા સ્થપાઈ.ત્યાર બાદ બારડોલી, વેડછી, વહેવલ, મઢી,મરોલી,કછોલી,ડાંગ વગેરે સ્થળોએ સ્વરાજ આશ્રમો સ્થપાયા.તેમાંયે વેડછી આશ્રમે તો જમાવટ કરી. જયપ્રકાશ નારાયણે વેડછીના કાર્યનો 'ઈતની બડી ક્રાંતિ'કહી નવાજેલી.સમગ્ર દક્ષિણ ગુજરાતમાં તેના સેવાકાર્યોની સવાસ પાથરી.વેડછીના વડલાની વડવાઈઓ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ફેલાઈ. જેને વિદ્વાનોએ વેડછીકરણ, વેડછી આંદોલન, વેડછી ક્રાંતિ, વેડછી આદિવસી ક્રાંતિનું કેન્દ્ર જેવા જુદા જુદા નામે ઓળખાવી છે. વેડછીમાં જુગતરામભાઈએ, મરોલીમાં કલ્યાણજીભાઈ મહેતાએ અને મીઠુબેન પીટીટ, કછોલીમાં કીકુભાઈ નાયક, ડાંગમાં છોટુભાઈ નાયક તથા ઘેલુભાઈ નાયક, બારડોલીમાં ઉત્તમચંદશાહે થાણા નાખ્યા.

**સંદર્ભગ્રંથ :–**


૧. મોદી રમણ,' રચનાત્મક કાર્યક્રમનું સામાજીક દર્શન',ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ–૧૯૬૪. પૃ.૫૧

૨. શાસ્ત્રી હરિપ્રસાદ, 'ગુ.રા.સાંસ્કૃતિક ઈતિહાસ,ગ્રંથ–૯',ભો.જે.વિદ્યાભવન,અમદાવાદ–૧૯૮૭. પૃ.૯૫

૩. પરીખ રામલાલ, 'ગુજરાત એક પરિચય',ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ પૃ.૬૭૬

૪. દેસાઈ આઈ.પી.' વેડછી આંદોલન',સેન્ટર ફોર સોશ્યલ સ્ટડી,સુરત–૧૯૮૨. પૃ.૧૪

૫. પટેલ મંછારામ,‘વેડછી આદિવાસી ક્રાંતિનું કેન્દ્ર’,ગાંધી વિદ્યાપીઠ, વેડછી–૨૦૦૭. પૃ.૧૯

૬.દેસાઈ આઈ.પી.,પર્વોક્ત(૪)– પૃ.૧૬

૭. એજન – પૃ.૨૬

૮.વૈદ્ય ચિંતામણી વિનાયક,‘ શ્રી સયાજી ગૌરવગ્રંથ’જન્મ દિવસ મહોત્સવ મંડળ,સુરત–૧૯૮૨ –પૃ.૧૯૯

૯. પટેલ મંછારામ , પૂર્વોક્ત(૭)–પૃ.૨૫

૧૦. દેસાઈ આઈ.પી., પૂર્વોક્ત(૪)–પૃ.૨૮

૧૧.દેસાઈ જીતેન્દ્ર ઠાકોરભાઈ,ગાંધાજીનો અક્ષરદેહ,નવજીવન પ્રકાશન મંદિર,અમદાવાદ– પુ.૨૨–૧૯૭૩–પૃ.૩૭૭

૧૨.સ્વરાજ આશ્રમ બારડોલી,પત્રિકા, ‘આશ્રમ કા ઈતિહાસ’–પૃ.૧

૧૩.દવે જુગતરામ, ‘મારી જીવનકથા’ નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ–૧૯૭૫. –પૃ. ૬૧